# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/પ/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૩૩૭૩-૩ તારીખ : ૧૧ - ૦૫ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રી હરીક્રષ્ણ પંડ્યા

"યોગી કૃપા "એલ-૮૪ ગુજ.હોઉસિંગ બોર્ડ, અક્ષર માર્ગ ,કાલાવડ રોડ ,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૧

મોબાઈલ : ૯૮૨૪૪૮૭૭૦૦

વિષય : સોલાર વીજ કનેક્શન નામટ્રાન્સફર બાબત. .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૭-૦૪-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : પ/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગાજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લક્ષ્મીનગર રાજકોટ શહેર.

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૫/ક્વા-૧/૨૨-૨૩/3393-3 તા. ૨૬.૦૫.૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

***Case No.PG-૫/ક્વા-૧/૨૨-૨૩***

| | | |
|---|---|---|
| અરજદાર | : શ્રી હરીક્રષ્ણભાઈ પંડ્યા | ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : લક્ષ્મીનગર | |
| રજૂઆત કરનાર | : અરજદારશ્રી હરીક્રષ્ણભાઈ પંડ્યા હાજર રહેલ છે. | |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૨ રાજકોટ |
| રજૂઆત કરનાર | : શ્રી એન.ડી.રૂઘાણી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ.,વિભાગીય કચેરી – શહેર-૨ રાજકોટ અને તેમની સાથે શ્રી સચિન પરમાર, નાયબ અધિક્ષક, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી, લક્ષ્મીનગર રાજકોટ હાજર રહેલ છે. |

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | :કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | :૦૬.૦૫.૨૦૨૨ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬.૦૫.૨૦૨૨ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની લેખિત રજુઆતમાં મુજબ તેઓ લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ શ્રી ચંદ્રકાંત એચ. પંડ્યાના નામથી ગ્રાહક નં.૮૭૬૦૧/૦૦૪૫૭/૦ થી ૬.૫ KW નું રહેણાંક હેતુનું વીજજોડાણ ધરાવે છે, અરજદાર વધુમાં જણાવે છે કે તેઓ ચંદ્રકાંત એચ. પંડ્યાના વારસદાર છે. અરજદારના પિતાશ્રી ચંદ્રકાંત એચ. પંડ્યાનું તા.૧૯.૦૭.૨૦૧૯ ના રોજ અવસાન થતા સદર મિલકત અરજદારના નામે થયેલ હોય અરજદાર સદર સોલાર સહિતના વીજજોડાણમાં નામ ટ્રાન્સફર કરાવવા ઈચ્છે છે પરંતુ નીચે મુજબના મુદ્દાઓ સબબ અરજદાર દ્વારા પી.જી.વી.સી.એલ. પક્ષકાર પાસેથી બાંહેધરી લેવા માંગે છે જે બાંહેધરી પી.જી.વી.સી.એલ. દ્વારા આપવામાં આવતી નથી.

- સોલર વીજજોડાણમાં નામફેર કરવાથી પીજીવીસીએલને જુના ગ્રાહક સાથે થયેલ સોલર કરારનું નવા ગ્રાહકને પણ તમામ શરતો લાગુ પડે અને નવા ગ્રાહક અને પીજીવીસીએલ વચ્ચે તેજ સોલર કરાર

ચાલુ રહેશે તેવી લેખિત બાહેધરી આપવી અથવા તો નવો કરાર નવા ગ્રાહક સાથે કરી આપવા વિનંતી કરેલ છે. હાલ પેટાવિભાગીય કચેરીએ આવી કોઈજ વ્યવસ્થા નથી.

- જો નવા ગ્રાહક સાથે નવા કરાર કરવાના થાય તો જુના કરારની શરતોમાં બદલાવ થશે કે તેજ શરતો ચાલુ રહેશે તેની લેખિત બાંહેધરી આપવી, પેટાવિભાગ દ્વારા આવી કોઈ લેખિત બાહેધરી આપવામાં આવતી નથી.
- જો નામફેર કરવાથી જુના સોલાર કરારની શરતો નવા ગ્રાહકને લાગુ પડશેતો તે જુના કરારમાં નવા સોલાર ગ્રાહકનું નામ ઉમેરવાની પેટાવિભાગીય કચેરીએ કોઈ વ્યવસ્થા નથી તો તેમ કરી આપવા વિનંતી.
- જુના સોલાર યુનિટ ખરીદી માટેનો અગાઉ ભાવ નક્કી થયેલ છે. તેજ ભાવ નવા ગ્રાહકને લાગુ પડે તેવી વ્યવસ્થા કરી આપવી તેમજ તે ભાવ અંગેની લેખિત બાહેધરી આપવી, તેમજ ભવિષ્યમાં જુના સોલાર કરારની કોઈ શરતોમાં ફેરફાર કરવા નહિ આવે તેવી બાહેધરી આપવી.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે, સદર અરજદારને વિભાગીય કચેરીના પત્રના અનુસંધાને, પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારના સ્વર્ગસ્થ પિતાશ્રી ચંદ્રકાંત ટી. પંડ્યા ના નામ પરથી અરજદારના એટલેકે શ્રી હરીક્રષ્ણ પંડ્યાના નામ પર સવાલવાળા સોલાર વીજજોડાણ ગ્રાહક નં.૮૭૬૦૧/૦૦૪૫૭/૦ માં નામબદલીની અરજી અન્વયે અરજદારને તા.૦૪.૦૫.૨૦૨૨ ના રોજ રૂબરૂ લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી ખાતે વિગતવાર માહિતી આપેલ પરંતુ અરજદારની માંગણી મુજબ પીજીવીસીએલ દ્વારા તેઓની રજૂઆત અન્વયે લેખિતમાં જરૂરી બાંહેધરી આપવા જણાવેલ પરંતુ સદર બાબતે પીજીવીસીએલ દ્વારા અરજદારની રજૂઆત મુદ્દા નં ૨.૦ મુજબ અન્ય કોઈ વીજગ્રાહકને બાંહેધરી આપવામાં આવેલ નથી.

૩.૧ અરજદારશ્રી દ્વારા જણાવાયેલ કે, પીજીવીસીએલ પણ એક પક્ષકાર તરીકે તેઓને બાહેધરીમાં સહી કરી આપે કે બન્ને પક્ષકારોને સદર સોલાર વીજજોડાણની અગાઉના કરારની શરતો મંજુર છે.

૩.૨ વધુમાં ફરિયાદી અરજદારશ્રી અને નાયબ ઈજનેર વચ્ચે થયેલ રજૂઆત મુજબ, ફરિયાદી અરજદાર દ્વારા તેઓની ફરિયાદનું નિરાકરણ ફોરમ દ્વારા કરવામાં આવે તેવો આગ્રહ રાખેલ છે.

## ::હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ શ્રી ચંદ્રકાંત એચ.પંડ્યા ના નામ થી ગ્રાહક નં.૮૭૬૦૧/૦૦૪૫૭/૦ થી ૬.૫ KW નું રહેણાંક હેતુનું વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં સોલાર વિજમીટર પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. વધુમાં અરજદારશ્રી ચંદ્રકાંત એચ. પંડ્યાના વારસદાર છે. ગ્રાહકશ્રી ચંદ્રકાંત એચ. પંડ્યાનું તા.૧૯.૦૭.૨૦૧૯ ના રોજ અવસાન થતા સદર મિલકત અરજદારના નામે થયેલ છે. આમ, અરજદાર સદર સોલાર વીજજોડાણમાં નામ ટ્રાન્સફર કરાવવા ઈચ્છે છે.

૪.૨ અરજદારની રજૂઆતના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મુદ્દા નં ૩.૦ અને ૩.૧ મુજબની વિગતે અરજદારનો સંપર્ક કરેલ હતો. તેમજ મુદ્દા નં ૩.૨ મુજબની વિગતે અરજદાર દ્વારા આગ્રહ રખાયેલ છે કે સદર ફરિયાદનું ફોરમ દ્વારા નિરાકરણ કરવામાં આવે.

૪.૩ પીજીવીસીએલમાં પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલના પરિપત્ર નંબર : GUVNL/Tech/Solar Cell/ Surya Gujarat /૧૭૬૨ તારીખ: ૦૯/૦૯/૨૦૧૯ ના મુદ્દા નં ૨૮ માં કરાયેલ જોગવાઈ નીચે પ્રમાણે છે. " જો કોઈ ગ્રાહક પોતાના વીજજોડાણનું નામફેર કરવા ઇચ્છે તો તે પ્રવર્તમાન નિયમોને આધીન કરી શકશે. આવા સંજોગો માં સોલાર સિસ્ટમની માલિકીની જવાબદારી આવનાર નવા ગ્રાહકની રહેશે અને તે મુજબ તમામ કરારો આવનાર નવા ગ્રાહકના નામે તબદીલ થવાને પાત્ર થશે અને આવનાર નવા ગ્રાહકે નવા કરારો કરવાના રહેશે. આ માટે નામફેર કરવા માટેના લાગુપડતા જે તે ચાર્જીસ નવા ગ્રાહકે ભરવાના રહેશે."

તેમજ સદર પરિપત્રના મુદ્દા નં ૩૬ મુજબ "આ પરિપત્રના અર્થઘટનની સમસ્યાનું નિવારણની સત્તા **GUVNL** ને હસ્તક રહેશે. આ પરિપત્ર બાબતેનું ગુજરાત સરકારશ્રીના ઉપરોક્ત ઠરાવનું અર્થઘટન આખરી ગણાશે."

૪.૪ અરજદારની રજૂઆત મુજબ તેઓના હયાત વીજજોડાણમાં સોલાર રૂફટોપ પણ કાર્યરત હોય અને સદર વીજજોડાણ તેઓના પિતાશ્રીના નામે હોય જે અવસાન પામેલ. સદર ફરિયાદી અરજદારના સદર વીજજોડાણમાં નામ બદલીની કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા કરાયેલ ન હોવાથી સદર તકરાર ઉભી થયેલ છે. વધુમાં પીજીવીસીએલ પક્ષકારની મૌખિક રજૂઆત મુજબ સોલાર રૂફટોપ ધરાવતા વીજજોડાણમાં નામ બદલી કરવા માટે એગ્રીમેન્ટ ચાર્જીસ વસુલવાની સીસ્ટમમાં કોઈ જોગવાઈ ન હોવાથી કાર્યવાહી થયેલ નથી. તેમજ ઉપરોક્ત નં ૪.૩ માં જણાવેલ પરિપત્રની શરત નં-૩૬ મુજબ કાર્યવાહી કરેલ હોય તેના કોઈ આધાર-પુરાવા ફોરમ સમક્ષ રજુ કરેલ નથી.

અરજદારની સદર રજૂઆત મુજબ સોલાર રૂફટોપ ધરાવતા વીજજોડાણમાં નામ બદલી કરવા માટે ઉપરોક્ત નં ૪.૩ માં જણાવેલ પરિપત્રની શરત નં-૨૮ માં સ્પષ્ટ ગાઈડલાઈન આપેલ હોવા છતાં પીજીવીસીએલની સંલગ્ન કચેરી દ્વારા કાર્યવાહી કરાયેલ નથી જે ગંભીર બાબત ધ્યાને આવેલ છે. જેથી સદર બાબતનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય તે અંગે પીજીવીસીએલ પક્ષકારને તાકીદ કરવામાં આવે છે. સદર બાબતોને ધ્યાનમાં રાખતા અરજદારની ફરિયાદ નું નિવારણ દીવસ-૨૦ માં કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે. સદર બાબતે થયેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને દિવસ- 30 માં આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧